# મુખ્યમંત્રી પદની પસંદગી કેન્દ્રીય નેતૃત્વ કરશે : ગેહલોત

## ભરતસિંહના નેતૃત્વમાં ચૂંટણી લડાશે : વાઘેલાએ સ્પષ્ટતા કરી : પ્રદેશ કારોબારીની બેઠકમાં

## ઘીના ઠામમાં ઘી રેડાયું ચૂંટણીમાં જીતી શકે તેવા ઉમેદવારોને જ ટિકિટ અપાશે

અમદાવાદ, તા.૧૦

ગુજરાત કોંગ્રેસનું મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરવા અંગે કોંગ્રેસમાં છેલ્લા કેટલાક સમયથી જોકે બીજી તરફ શંકરસિંહ વાઘેલાએ પણ એવો ખુલાસો કર્યો હતો કે હુ દિલ્હીની મિટીગમાંથી નીકળી ગયો હતો તેવી અફવા ખુબજ ચાલી રહી તરહની અટકળો વહેતી થઈ છે. ગુજરાત કોંગ્રેસની આજે મળેલી પ્રદેશ કારોબારીની બેઠકમાં પ્રભારી બન્યા બાદ પ્રથમવાર ઉપસ્થિત બલિદાનની સુર્વણ અક્ષરે લખાયેલ છે. ભાજપ જુઠ્ઠુ બોલીને લોકોને ગુમરાહ કરે છે. ભાજપ પાસે કોઈ ઈતિહાસ નથી તે વાત લોકો જાણે ભારતના નિર્માણમાં ભાજપ કે આરએસએસનું કોઈ યોગદાન નથી. ભાજપ ગુજરાતમાં મિશન ૧૫૦ની વાતો કરે છે. એ એમનો ધમંડ છે. રાખવા પોતાના પ્રાણ આપી દીધા પણ ખાલિસ્તાન બનવા દીધું નહી. પાકિસ્તાનના બે ભાગલા પાડ્યા અને અને બાગ્લાદેશનું સર્જન પણ






સર્જાયેલા વિવાદ ઉપર આજે કોંગ્રેસના ગુજરાત પ્રભારી અશોક ગેહલોતે ઠંડુ પાણી રેડી દીધુ હતું અને એવી સ્પષ્ટતા કરી હતી કે કોંગ્રેસની સરકાર સત્તા પર આવશે તો મુખ્યમંત્રી શંકરસિંહ કે ભરતસિંહના બદલે કોઈ ત્રીજુ પણ બની શકે જેનો નિર્ણય માત્ર હાઈકમાન્ડ જ કરશે. છે. જે તદ્દન ખોટી છે અને અર્થહિન છે તેમાં કોઈ તથ્ય નથી. હું મુખ્યમંત્રીનો હરીફ નથી અને ૨૦૧૭ની ચૂંટણી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની આગેવાની હેઠળ જ લડાશે. શંકરસિંહના આ યુર્ટનથી રાજકીય વર્તુળોમાં ફરી એક વાર તરહ રહેલા રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને એઆઈસીસીના મહામંત્રી અશોક ગેહલોતે જણાવ્યું હતું કે, આપણી સામે ખુબ જ મોટો પડકાર છે. ભાજપની વિચારધારા સામેની આપણી લડત છે. કોંગ્રેસનો ઈતિહાસ આઝાદી પહેલા અને આઝાદી પછી ત્યાગ અને છે. મહાત્મા ગાંધીએ અંહિસાનો સંદેશ વિશ્વને આપ્યો જેના થકી આજે કોંગ્રેસની ઓળખ વિશ્વમાં પણ છે. વડાપ્રધાન મોદી જાહેરમાં કહ્યા કરે છે કે કોંગ્રેસ ૭૦ વર્ષમાં શું કર્યુ તો તેનો જવાબ એ છે કે કોંગ્રેસે આધુનિક ભારતનું નિર્માણ કર્યુ અને ભારતીય લોકશાહીને મજબુત બનાવી. ગુજરાતમાં ૨૨ વર્ષથી ભાજપનું રાજ ચાલે છે. ત્યારે આ પ્રજા વિરોધી ભાજપ સરકારને ઉખેડી ફેંકવા દરેકે દરેક કોંગ્રેસ કાર્યકરે કટિબધ્ધ રહેવું પડશે. લોકો ઈચ્છે છે કે, કોંગ્રેસ જ દેશને મજબુત કરી શખે અને સર્વ સમુદાયને સાથે લઈને ચાલી શકે છે. ઈન્દીરા ગાંધીએ દેશને અખંડ ઈન્દીરા ગાંધીએ કર્યુ તેમ છતાં મોદી કહે છે કે કોંગ્રેસ શું કર્યુ રાજીવ ગાંધીએ પણ પોતાના પ્રાણ આપ્યા હતા. અશોક ગેહલોતે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે ક્યારેય સિધ્ધાંતો સાથે સમાધાન કર્યુ નથી. ગુજરાતની ચૂંટણી કોંગ્રેસ જીતશે તો તે ટર્નીંગ પોઈન્ટ સાબિત થશે.

## આ પણ વાંચીએ...

### જાનની પરવા કર્યા વિના બાળકોએ મગરમચ્છને બચાવ્યો

મગરમચ્છનું નામ સાંભળી ભલભલાને પરસેવો આવી જાય. પરંતુ કર્ણાટકના કોર્થી ગામના બાળકોએ જીવના જોખમે કાદવમાં ફસાયેલા મગરને બહાર કાઢ્યો હતો. ખુબ જ ખરાબ રીતે કાદવમાં છુપાયેલા મગરને બચાવવા માટે બાળકો પહેલાં તો માંડ માંડ મગર



સુધી પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓએ મગરને લાકડી વડે બાંધીને બહાર લાવ્યા હતા.

### એક મિલિયન મુસાફરોને હવાઈ મુસાફરી કરાવનાર પાઈલોટે મુસાફરોને ગીફ્ટ આપી

સાઉથવેસ્ટ એરલાઈન્સના પાયલોટ કેપ્ટન જોન ચાર્લ્સ રીચી આજકાલ સોશ્યલ મિડીયા પર છવાઈ ગયા છે. તેમનો એક વિડિયો



પણ સોશ્યલ મિડીયા પર વાયરલ થયો છે. જોન ચાર્લ્સ અત્યાર સુધી એક મિલીયન મેસોન્જરોનો હવાઈયાત્રા કરાવી ચુક્યા છે. આ વાતની તેઓએ તાજેતરમાં જાહેરા કરી હતી. છેલ્લા ૨૨ વર્ષથી સાઉથવેસ્ટ એરલાઈન્સમાં ફરજ બજાવતા જોને પોતાના દસ લાખમાં મુસાફરને શેમ્પેઈનની બોટલ ભેટ આપી હતી, અને ટીકીટના પૈસા પણ આપ્યા હતા.

# પ્રજા વિમુખ વિખવાદી કોંગ્રેસ વિનાશ તરફ છે : ભરત પંડ્યા

અમદાવાદ, તા.૧૦

ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની દરિયા કિનારા યાત્રા ફરીથી એક ફ્લોપ શો સાબિત થઈ છે. ગુજરાત કોંગ્રેસ પાર્ટીમાં પ્રવર્તમાન આંતરિક કલહ અને ફુટ જગજાહેર થઈ ગઈ છે. કોંગ્રેસની આ દરિયા કિનારા યાત્રામાં પ્રજાનું સમર્થન ક્યાંય જોવા મળ્યું ન હતું તેમજ કોંગ્રેસના પ્રાદેશિક નેતૃત્વ કે કોંગ્રેસ પાર્ટીના સ્થાનિક કાર્યકર્તાઓએ આ દરિયાકિનારા યાત્રામાં કોઈ પણ જાતનો રસ દાખવ્યો ન હતો. જે કારણે કોંગ્રેસની યાત્રાઓ ક્યાંથી નીકળે છે અને ક્યાં પતી જાય છે તે કોંગ્રેસના નેતૃત્વ કે કાર્યકર્તાઓને પણ ખબર પડતી નથી. કોંગ્રેસના અમુક નેતાઓ સ્વ-અસ્તિત્વ ટકાવવા ખાતર કાર્યક્રમો આપે છે. પરંતુ પાર્ટી નેતૃત્વ કે કાર્યકર્તાઓને આવા કાર્યક્રમોમાં કોઈ પણ જાતનો રસ હોતો નથી. પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રજા વિમુખ, વિખવાદી કોંગ્રેસ વિનાશ તરફ ધકેલાઈ રહી છે. કોંગ્રેસના અલગ અલગ નેતાઓએ જુદા જુદા નિવેદનો આપવા પડે છે, રાષ્ટ્રીય નેતૃત્વ સાથેની મીટીંગમાં કોંગ્રેસના નેતાઓ ચાલુ બેઠકે નીકળી જાય છે, ગ્રુપ ફોટામાં હાજર રહેતા નથી, સોશીયલ મીડીયા કે હોડીંગ્સોમાં જુદી જુદી જાતના વિષયો નિકળી આવે છે.

છાશ છાગોળે અને ભેંસ ભાગોળે તેવા હાસ્યાસ્પદ નિવેદનો કોંગ્રેસના નેતાઓ કરે છે. આ બધા કોંગ્રેસના આંતરિક વિખવાદોથી ગુજરાતની જનતા વાકેફ છે. પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૧,૦૦૦ કરોડની સાગરખેડુ યોજનામાં ૩૮ તાલુકાને આવરી લઈ દરિયાપટ્ટી પરના માછીમારો સહિત તમામ લોકોની જનસુવિધા જનકલ્યાણ માટે અનેક યોજનાઓ અમલમાં મુકી હતી. ભાજપા સરકારે છેલ્લા બે દાયકાથી સાગરખેડુ ભાઈઓના હિતની સવિશેષ ચિંતા કરી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલની નેતૃત્વવાળી ગુજરાતની ભાજપા સરકારે સેવા સેતુથી માંડીને કૃષિ મહોત્સવ જેવા વિવિધ જનહિત અને જનકલ્યાણના કાર્યો કરી રહી છે. સાગર ખેડુતો માટેની વિવિધ જરૂરિયાતો જેવી કે સ્પીડ બોટમાં ડિઝલથી સબસીડી, સેફટી જેકેટ, લાઈફ ગાર્ડ, જીપીએસ મશીન, એલાર્મ સિસ્ટમનું આધુનિક રીનોવેશન કે જીવનશૈલીની અન્ય તમામ આવશ્યક જરૂરિયાતો પુરી પાડીને ગુજરાતની હાલની સરકારે સદૈવ તેમની પડખે રહીને તેમના હિતની ચિંતા કરી છે.



**ખેડબ્રહ્માામાં શીતળા માતાજી મંદિરે નવમો પાટોત્સવ ઉજવાયો**

ખેડબ્રહ્માના શીતળા માતાજી મંદિરના નવમા પાટોત્સવની બુધવારના રોજ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો. પાટોત્સવના મુખ્ય યજમાન તરીકે ક્રિષ્ણાબેન અમીતકુમાર રાવલે ધર્મલાભ લીધો હતો. પાટોત્સવની શાસ્ત્રોવિધિ શાસ્ત્રી ભાવેશભાઈ ઉપાધ્યાય તથા શાસ્ત્રી વિપુલભાઈએ સંપન્ન કરાવી હતી. પાટોત્સવને સફળ બનાવવા માટે નટવરભાઈ કે. પટેલ, દિગ્વિજયસિંહ રાઠોડ, હર્ષદકુમાર આર. પટેલ, નવનીતભાઈ પટેલ તથા ચેતનભાઈ પુંજારીએ જહેમત ઉઠાવી હતી.

# કર્મચારીઓની નિવૃત્તિવય મર્યાદા ૫૮ થી ૬૦ વર્ષ કરવા સરકારની કોઈ વિચારણા નથી

ગાંધીનગર, તા. ૧૦

રાજય સરકારના કર્મચારીઓની નિવૃત્તી વયમર્યાદા ૫૮ થી ૬૦ વર્ષ કરવાની હાલમાં કોઈ વિચારણા નહી હોવાનું આજે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતુ.

મહારાષ્ટ્ર સરકારે કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષ કરવાના કરેલા નિર્ણય પ્રમાણે ગુજરાત સરકાર કોઈ વિચારણા કરે છે કે નહી તેવા પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતું કે રાજય સરકારે રાજયના યુવાનોને સરકારી નોકરીઓમાં તક મળે તેઓ અધિકારી બની શકે તે માટે ૬૭ હજાર ભરતીઓ કરવાનો નિર્ણય લીધો હતો.

આથી રાજય સરકારે કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષ કરવાના વિકલ્પને બદલે યુવાઓને સરકારી નોકરીઓની તક મળે તે માટે નવી ભરતી કરવાનો નિર્ણય લીધો હતો.

હાલમાં કર્મચારીઓની નિવૃત્તી વય મર્યાદા ૫૮ થી ૬૦ વર્ષ કરવા માટે સરકારમાં કોઈ જ વિચારણા નથત્ત તેમણે જણાવ્યુ હતુ કે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં જુદી જુદી સંવર્ગની ભરતી પ્રક્રિયા હાથ ધરીને ૭૩ હજાર ભરતીઓ કરી છે.

# પોકરને સ્કીલની રમત જાહેર કરાવવા હાઈકોર્ટમાં અરજી

અમદાવાદ, તા.૧૦

પોકર એ ચાન્સ(લક) નહી પરંતુ સ્કીલ(કૌશલ્ય)ની રમત છે તેવું જાહેર કરવા દાદ માંગતી અને શહેર પોલીસ કમિશનરના પોકરને ચાન્સની રમત ઘોષિત કરતાં વિવાદીત જાહેરનામાને રદબાતલ ઠરાવવા દાદ માંગતી ઈન્ડિયન પોકર્સ એસોસીએશનની રિટ અરજીમાં આજે અરજદારપક્ષનું ડ્રાફટ અમેન્ડમેન્ટ ગુજરાત હાઈકોર્ટે આજે મંજૂર કર્યું હતું. વધુમાં, હાઈકોર્ટે પોકરના મામલે રાજય સરકારને તેનું વલણ સ્પષ્ટ કરવા અને તા.૨૨મી મે સુધીમાં જવાબી સોગંદનામું રજૂ કરવા મૌખિક નિર્દેશ કર્યો છે. અરજદાર ઈન્ડિયન પોકર એસોસીએશન તરફથી કરાયેલી રિટ અરજીમાં સિનિયર એડવોકેટ એસ.વી.રાજુ અને એડવોકેટ મૌલિન પંડયાએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, પોકર એ ચાન્સ નહી પરંતુ સ્કીલની રમત છે તેવું જાહેર કરવાનો મામલો ગુજરાત હાઈકોર્ટમાં હજુ પડતર છે. આ વિષય પરની સાતથી આઠ જુદી જુદી રિટ અરજીઓ હાઈકોર્ટમાં સુનાવણી અર્થે પડતર છે અને હજુ કોર્ટ દ્વારા કોઈ નિર્ણય આવ્યો નથી કે ખુદ રાજય સરકાર તરફથી આ મામલે તેનું વલણ સ્પષ્ટ કરાયું નથી તેમછતાં શહેરની એક હોટલમાં પોકરની ગેમના કિસ્સામાં પોલીસ કમિશનરે તા.૨-૫-૨૦૧૭ના જાહેરનામાથી તેની પરમીશન એવા કારણસર નામંજૂર કરી દીધી કે, પોકર એ ચાન્સની રમત છે અને તે જુગારધારા હેઠળ આવે છે, તેથી પોકરની ગેમ ચલાવવાની પરમીશન આપી શકાય નહી. અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું કે, વાસ્તવમાં પોકર એ ચાન્સની નહી પરંતુ સ્કીલની રમત છે.



**ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરે પૂનમે શ્રદ્ધાળુ ઉમટ્યા**

ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિરે વૈશાખી પૂનમે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ઉમટ્યા હતા. વહેલી સવારેથી ભક્તોની લાઈન પરિસરમાં લાગી હતી.

# મહિલાને બદનામ કરવા બોગસ પ્રોફાઈલ બનાવી

શહેરના ઘોડાસર વિસ્તારમાં રહેતી એક મહિલાની ફેસબુક પર ફેક પ્રોફાઈલ બનાવી તેના ફોટા મૂકી સેક્સ વર્કર તરીકે દર્શાવી દીધી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આરોપી યુવકે મહિલાના ફેસબુક પર ફોન નંબર લખી દલાલ દ્વારા સંપર્ક કરવો તેમજ મહિલાના ઘરનું સરનામું વગેરે લખી બદનામ કરવાનું કૃત્ય કરતાં મહિલાએ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં આ અંગે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી પ્રકાશ રાજગોરની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ ઘોડાસર વિસ્તારમાં રહેતી એક મહિલાના નામનું ફેસબુક એકાઉન્ટ કોઈ અજાણી વ્યક્તિએ બનાવી અને મહિલાના ફોટા સાથે પોતે સેક્સ વર્કર છે અને તેના દલાલ છે.

દલાલના ફોન નંબર લખી અને ઘરનું સરનામું તથા કોના થકી સંપર્ક કરવો તેની તમામ માહિતી પોસ્ટ કરી હતી. ફેક પ્રોફાઈલ બનાવીને આરોપીએ ઘોડાસર વિસ્તારમાં પોતે સેક્સની સર્વિસ આપતી હોવાની અને દલાલ થકી ગેસ્ટ હાઉસ અને હોટલમાં દેહવ્યાપારની પોસ્ટ કરી છે.

## સગીરે ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા તાલુકાના સંગ્રામપુરાના શ્રવણકુમાર રામાભાઈ ગમાર ઉં.વ. ૧૬ કોઈ અગમ્ય કારણોસર ગત ૩ મે ના રોજ પોતાના ઘરે ઝેરી દવા પી ગયા હતા. જેમને પ્રાથમીક સારવાર ખેડબ્રહ્મા અપાવી હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન ૪ મે ના રોજ મોત નિપજ્યુ હતુ. જે અંગે સિવિલ હોસ્પિટલના મેડીકલ ઓફીસર સીટી ચિંહાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરી હતી.

# ખેડબ્રહ્મામાંથી ૧૨ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે પર વડાલી તરફથી આવતા બે બાઈક સવારોએ આરાધના સિનેમા પાસે રાહદારીને ટક્કર મારતા તેમના થેલામાંથી દારૂની બોટલો પડી જતા બાઈક લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે ૧૨ નંગ દારૂની બોટલો કિંમત રૂ. ૬૦૦૦ કબજે લઈ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુન્હો નોંધ્યો હતો.

## ICJનો સ્ટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચોક્કસપણે રાહત આપી શકે છે. આ મામલામાં ખૂબ જ સાવધાનીપૂર્વક આગળ વધી રહેલા ભારત તરફથી એવા પ્રયાસ હતા કે કોઈ રીતે જાધવની ફાંસી ઉપર સ્ટે મુકી શકાય. જેથી ભારતે આંતરરાષ્ટ્રીય કાયદામાં દાવપેચનો લાભ લીધો હતો. ભારત અને પાકિસ્તાન બંનેએ ૧૯૬૦માં આઈસીજેનો હિસ્સો બન્યા હતા. અલબત્ત બંને પક્ષોની તરફથી દાખલ કરવામાં આવેલા વિરોધ પત્રના કારણે આ દેશ એકબીજાની સામે કેસ કરી શકે તેવી સ્થિતિમાં નથી. આજ કારણ છે કે ભારત કારગિલ શહીદ સૌરભ કાલીયાના મર્ડરના મામલામાં પાકિસ્તાન સામે મામલો આઈસીજેમાં રજુ કરી શક્યું ન હતું. આવી જ રીતે કારગિલના યુદ્ધમાં ભારતીય હવાઈદળ દ્વારા પાકિસ્તાની વિમાનને તોડી પાડવાના મામલામાં પણ પડોશી દેશ કોઈ પગલાં લઈ શક્યું ન હતું. ભારતે કોર્ટ સમક્ષ માંગ કરી છે કે તે પાકિસ્તાન દ્વારા ફાંસી આપવાના મામલામાં ઈન્ટરનેશનલ કાયદાનો ભંગ તરીકે ગણાવે. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ (આઈસીજે) દ્વારા ભારતીય નાગરિક કુલભુષણ જાધવને પાકિસ્તાન દ્વારા ફટકારવામાં આવેલી ફાંસીની સજા પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. આની સાથે જ પાકિસ્તાનને મોટો ફટકો પડ્યો છે. આંતરરાષ્ટ્રીય કોર્ટે પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને પત્ર લખીને જાધવને ફાંસીની સજા પર પ્રતિબંધ મુકી દીધો છે. ભારતીય નૌકા સેનાના નિવૃત અધિકારી કુલભુષણ જાધવને જાસુસીના મામલામાં દોષિત ઠેરવીને પાકિસ્તાનની સેના દ્વારા ફાંસીની સજા ફટકારી દેવામાં આવી હતી. ભારત સરકારે પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલી સજાની સામે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં આઠમી મેના દિવસે અપીલ દાખલ કરી હતી. ભારતે આંતરરાષ્ટ્રીય અદાલતમાં કહ્યુ હતુ કે જાધવને પોતાની રજૂઆત કરવાની તક આપવી જોઈએ. તેમને રજૂઆતની તક આપવામાં આવી નથી. તેમને ભારતીય હાઈ કમીશનરના અધિકારીઓને મળવાની મંજુરી પણ આપવામાં આવી રહી નથી. બીજી બાજુ આંતરરાષ્ટ્રીય કોર્ટના નિર્ણય પર વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે જાધવની માતાને આ સંબંધમાં વાત કરીને માહિતી આપવામાં આવી છે. સ્વરાજે કહ્યુ હતુ કે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં જાધવ તરફથી કેસ વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વે કરી રહ્યા છે. જાધવના મામલે દેશમાં ભારે હોબાળો થઈ ચુક્યો છે. પાકિસ્તાનના નિર્ણયની સામે દેશના લોકોમાં નારાજગી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધ પહેલાથી જ તંગ છે ત્યારે આ ઘટનાક્રમનો દોર ચાલી રહ્યો છે. જાધવ પર પાકે આક્ષેપ કર્યા છે.

## અપહરણબાદ હત્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

લેવામાં આવ્યું હતું. આજે સવારે તેમનો મૃતદેહ હાથ લાગ્યો હતો. પોલીસનું કહેવું છે કે ત્રાસવાદીઓ ઉમરને એક બાગમાં લઈ ગયા હતા. જ્યાં તેમના ઉપર પાંચથી વધુ ગોળીઓ ચલાવવામાં આવી હતી. એક સ્થાનિક વ્યક્તિએ તેમના મૃતદેહ અંગે માહિતી આપી હતી. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. સેનાએ નિવેદન જારી કરીને કહ્યું છે કે વીર જવાનને સેના સલામ કરે છે અને દુઃખના આ સમયમાં સેના પરિવારની સાથે છે. લેફટીનન્ટ ઉમર ફયાઝ કાશ્મીરના અખનૂરમાં રાજસ્થાન રાયફલ્સના યુનિટમાં તૈનાત હતા. એનડીએ પાસઆઉટ લેફટીનેન્ટ ફયાઝને ૧૦મી ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે સેનામાં કમિશન્ડ મળ્યા બાદ ખુશખુશાલ હતા. આ વર્ષે તેઓ સેનામાં યંગ ઓફિસર્સ કોર્સમાં જવાના હતા. ફયાઝ એનડીએમાં હોકી ટીમના કેપ્ટન હતા. વોલીબોલના પણ સારા ખેલાડી હતા. ફયાઝના પિતા ખેડૂત છે. મળેલી માહિતી મુજબ ફયાઝના મૃતદેહને આજે આવાસ ઉપર લાવવામાં આવ્યા બાદ દફનવિધિ કરવામાં આવી હતી. સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમની દફનવિધિ કરવામાં આવી હતી. ગયા સપ્તાહમાં કૃષ્ણાઘાટીમાં બર્બરતાપૂર્વક બે ભારતીય જવાનોના પાકિસ્તાની સેનાએ ગળા કાપી નાખ્યા હતા. આને લઈને દેશમાં પહેલાથી જ આક્રોશ છે ત્યારે બીજી આવી ઘટના ઘટી છે. ફયાઝ પ્રથમ વખત જ રજા ઉપર આવ્યા હતા અને તેમની આ છેલ્લી રજા બની ગઈ હતી. ૨૨ વર્ષીય લેફ્ટી. ઉમર ફયાઝ ગયા વર્ષે ડિસેમ્બરમાં કમિશન્ડ થયા બાદ સેનામાં સામેલ થયા હતા. સેનામાં સામેલ થયા બાદ પ્રથમ વખત ફયાઝે રજા લીધી હતી. ૨૫મી મેના દિવસે જમ્મુના અખનૂર વિસ્તારમાં પોતાના યુનિટમાં ફયાઝ પરત ફરનાર હતા.

## ઘુગ્ગીનું રાજીનામુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેજરીવાલ ઉપર પણ પ્રહારો થઈ રહ્યા છે. કેજરીવાલ પંજાબ ચૂંટણી બાદ રાજ્યમાં કેમ આવ્યા નથી. ઘુગ્ગીએ કહ્યું હતું કે તેઓ પંજાબ વિધાનસભાની ચૂંટણી દરમિયાન સ્ટાર પ્રચારની ભૂમિકા અદા કરવા માટે ઈચ્છુક હતા પરંતુ તેમને સંયોજક બનાવી દેવામાં આવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ સંજયસિંહ અને પાર્ટીના નેતાઓને અનેક વખત અપી કરી ચુક્યા હતા કે સુચ્ચાસિંહને મનાવીને પાર્ટીમાં પરત લઈ લેવામાં આવે પરંતુ તેમની વાત સાંભળવામાં આવી ન હતી. ઘુગ્ગીએ એમ પણ કહ્યું હતું કે દરરોજની કામગીરી નિહાળવાના બદલે સ્ટાર પ્રચારક બનાવવા માટે અપીલ કરવામાં આવી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે માન અને અન્ય નેતાઓનો વિરોધ તેઓ કરતા નથી.

એએપીને દિલ્હી અને પંજાબમાં હાલમાં પાર્ટીના સભ્યો તરફથી ભારે નારાજગીનો સામનો કરવો પડી રહ્યો છે. પાર્ટીમાં અસંતોષની લહેર જોવા મળી રહી છે. એક પછી એક હારના કારણે આમ આદમી પાર્ટીની હાલત કફોડી બનેલી છે.

## કમળાના ૩૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

*કમળાના રોગ લક્ષણોમાં ઉબકા, ઉલટી, ભૂખ ન લાગે અને પેટની જમણી બાજુ દુ:ખાવો થાય, શરીર પીળાશ પડતું થઈ જાય, પેશાબ પીળો આવે જેવા લક્ષણો દર્દી ધરાવતો હોય છે.*

*લોકોને પાણી ઉકાળીને પીવું તેમજ આર.ઓ. સિસ્ટમ હોય તો તેની સફાઈ કરાવ્યા બાદ જ તેમાંથી પાણી પીવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે.*

## પાણી નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બસસેવા માટે કતારમાં ખડા થયેલા મુસાફરોને પીવાનુ ઠંડુ પાણી મળતુ નથી. ડેપોની કેન્ટીનમાં પીવાનુ પાણી મળતુ ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે ડેપોમાં ગરમીમાં ટી વી સ્ક્રીન ચાલુ છે. પરંતુ ગરમીમાં પરસેવે નિતરતા મુસાફરોને પંખાની હવા નસીબ થતી નથી. જેના પરિણામે મુસાફરોમાં આક્રોશ પ્રવર્તયો છે. ડેપો મેનેજરે પણ મુસાફરલક્ષી સુવિધાઓને અપગ્રેડ કરવા તેમજ પંખા તેમજ પીવાના પાણીની વ્યવસ્થા ચકાસવાની તસ્દી લેતા નથી.